




પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

अब तो एक ही आग ''जन फरियाद''

now on Internet www.janfariyad.com

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

સાપ્તાહિક

તંત્રી : પ્રદિપ રાવલ

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-22 ■ અંક-07 ■ તા. 11-02-2018 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk


### ગ્રામીણ વિકાસ વિના ભારતનો વિકાસ પણ શક્ય નથી

# ગામોને આદર્શ બનાવવા ભારતે હજુ ચીન પાસેથી શિખવાની જરૂર

## પાકા રસ્તાઓ માટે તરસતા ભારતના ગામડાઓની તુલનામાં ચીનના ગામડામાં હેલિકોપ્ટરની પણ સુવિધા,ગામમાં વ્યક્તિ દીઠ સરેરાશ આવક ૮૮ લાખ

અમદાવાદ,

મહાત્મા ગાંધીજીએ કહ્યુ છે કે, ગામડાઓના વિકાસ સિવાય ભારતનો વિકાસ શક્ય નથી. આમ પણ ભારત એક ગામડાઓનો બનેલ દેશ છે. દેશમાં દોઢ લાખથી વધુ ગામડાઓ આવેલા છે. જોકે, બદનસીબીની વાત એ છે કે, સ્માર્ટ સીટી બનાવવાની વાતો કરતા આપણે ગ્રામીણ વિકાસમાં ઘણા પાછળ રહી ગયા છીએ. નરેન્દ્ર મોદીએ વડાપ્રધાન બન્યા બાદ ગામડાઓની સ્થિતિ સુધારવા માટે સાંસદ આદર્શ ગ્રામ યોજના અમલમાં મુકી પણ સાંસદોની નિયતમાં ખોટ તેમને પણ નડી, જેના કારણે આ યોજના માત્ર કાગળ પર જ સિમિત રહી. પરિણામ એ આવ્યુ કે આજ સુધી લોકોએ માત્ર એવા મહાનગરોની વાતો સાંભળી હશે જેમાં અનેક સગવડો હોય, કરોડપતિ લોકો રહેતા હોય, જાહોજલાલીની ભરમાર હોય પરંતુ ક્યારેય આ બધી સગવડો એક ગામડામાં પણ હોય તેવી કલ્પના પણ કરી નહી હોય. પણ આજે અમે તમને એવા અહીં એક એવા ગામની વાત કરવા જઈ રહ્યા છે જ્યાં વાર્ષિક સરેરાશ આવક ૮૮ લાખ રૂપિયા છે. આ એક એવુ ગામ છે જ્યાં ફાઈવ સ્ટાર હોટલ આવેલ છે. ગામના લોકો પાસે મોંઘામાં મોંઘી ગાડી છે. જ્યાં આલીશાન ઘરોમાં લોકો અમીરી ભરી જીંદગી જીવી રહ્યા છે. જોકે તમને એ જાણીને અફસોસ થશે કે આ ગામ ભારતનું નહીં પડોશી દેશ ચીનનું છે. ચીનના જિઆંગસુ રાજ્યમાં આવેલ આ ગામનું નામ વાગ્જી છે અને તેને દુનિયાનું સૌથી ધનવાન ગામ માનવામાં આવે છે. આ ગામમાં રહેતા દરેક વ્યક્તિના બેંક એકાઉન્ટમાં ઓછામાં ઓછા ૬૬ લાખ રૂપિયા જમા છે. તેમજ વ્યક્તિ દીઠ વાર્ષિક આવકમાં ખૂબ જ ઝડપથી વધારો થઈ રહ્યો છે. ચીનમાં આ ગામને સુપર વિલેજ તરીકે ઓળખવામાં આવે છે, જે શાંઘાઈથી ૧૩૫ કિલોમીટર દૂર આવેલ છે. ગામમાં ૭૦થી વધુ ફેક્ટરીઓ છે જેના માલિકો પણ ખૂદ ગામના જ લોકો છે. આ ફેક્ટરીઓમાં સ્ટિલ, સિલ્ક જેવી વસ્તુઓનુ મોટાપાયે ઉત્પાદન થાય છે. આ ગામે વર્ષ ૨૦૧૨માં પોતાના ઉદ્યોગો થકી ૬૪ હજાર કરોડ રૂપિયાનુ ટર્ન ઓવર કર્યુ હતું. વાગ્જી ગામ ૧૯૬૧ સુધી ખૂબ જ ગરીબ હતું. જોકે ૧૯૬૧માં કોમ્યુનિસ્ટ પાર્ટીએ આ ગામને દત્તક લીધુ અને ત્યારથી આ ગામની કાયા કલ્પ થઈ ગઈ. પાર્ટીના સ્થાનિક સચિવ વુ રેનબાઓએ ગામમાં સામૂહિક ખેતીનો વિકલ્પ અપનાવ્યો અને મોટાપાયે ઉદ્યોગોને પ્રોત્સાહન આપ્યુ. મહત્વની વાત એ છે કે આ ગામમાં સામૂહિક ખેતી માટે નવી કંપની બનાવવામાં આવી, જે ગામની તમામ ખેતીનું સંચાલન કરવા લાગી. આ કંપની ચાઈનાના શેર માર્કેટમાં પણ લિસ્ટેડ છે અને ગામમાં રહેનાર દરેક વ્યક્તિ તે કંપનીનો શેરધારક છે. મહત્વની વાત એ છે કે આ ગામમાં રહેનાર દરેક વ્યક્તિ પોતાની કુલ આવક પૈકી ૮૦ ટકા આવક ટેક્સમાં ભરે છે. જેના બદલામાં તેને ગામ પંચાયત તરફથી લક્ઝુરીયસ હાઉસ, મોંઘી કાર, હેલ્થ ફેસેલીટી અને ફરવા માટે હેલિકોપ્ટર જેવી તમામ સુવિધા મફત અપાય છે, જેની સામે આપણે ભારતના ગામડાઓને મુલવવા જઈએ તો આપણે ઘણા પાછળ ઉભેલા હોઈએ તેવુ લાગી રહ્યુ છે. દરેક મોરચે ચીનની બરાબરી કરવાની વાત કરતા ભારતે ક્યાંક ચાઈના પાસેથી હજી ઘણુ શિખવાનુ બાકી છે તેવુ લાગી રહ્યુ છે.



પાલડી જલારામ મંદિરમાં જલારામ બાપાની ૧૩૭મી પુણ્યતિથિ નિમિતે ભજન અને પ્રાર્થના સભાનું આયોજન કરવામાં આવ્યું હતું.

### ફોરેન્સિક સાયન્સ કોન્ફરન્સમાં રાજનાથ હાજર

# ફોરેન્સિક નિષ્ણાંતોની ગુનાને શોધવામાં ચાવીરૂપ ભૂમિકા

## યુનિવર્સિટીઓએ ફોરેન્સિક વિષયમાં સમાન અભ્યાસક્રમ મારફતે ગુણવત્તાયુક્ત શિક્ષણ આપવું જોઈએ :ગૃહ પ્રધાન

અમદાવાદ,

કેન્દ્રીય ગૃહમંત્રી રાજનાથ સિંહ જણાવ્યું હતું કે, ગુનો ઉકેલાઈ જવાનો ભય જ ગુનાના નિયંત્રણ માટે મહત્વની ભૂમિકા ભજવે છે. આથી ફોરેન્સિક નિષ્ણાંતો ગુનાઓની શોધ, તેની તપાસમાં અને ગુનેગારોની ઓળખમાં મહત્વની ભૂમિકા ભજવીને ગુનેગારોની ગૂનો કરવા માટે હતોત્સાહિત કરી શકે છે. તેમણે જણાવ્યું હતું કે યુનિવર્સિટીઓએ ફોરેન્સિક વિષયમાં સમાન અભ્યાસક્રમ દ્વારા ગુણવત્તાયુક્ત શિક્ષણ આપવું જોઈએ. સિંહ આજે અમદાવાદમાં ગુજરાત યુનિવર્સિટી ખાતે ૨૪મી ઓલ ઈન્ડિયા ફોરેન્સિક સાયન્સ કોન્ફરન્સને સંબોધન કરી રહ્યા હતા. આર્ટિફિશ્યલ, બ્લોકચેઈન ટેકનોલોજી, ક્લાઉડ કોમ્પ્યુટીંગ, થ્રીડી પ્રિન્ટીંગ, રોબોટિક્સ અને ઈન્ટરનેટ ઓફ થીંગ્ઝ જેવી નવી ટેકનોલોજીને કારણે ઉભા થયેલા નવા સલામતી પડકારો અંગે ચિંતા વ્યક્ત કરતાં મંત્રીએ જણાવ્યું હતું કે, ફોરેન્સિક નિષ્ણાંતોએ પડકારોનું તકોમાં પરિવર્તન કરવું જોઈએ. પરંપરાગત પોલીસ વ્યવસ્થા સાયબર સ્પેસના ગુનાઓના નિયંત્રણ માટે પુરતી નથી તેમ જણાવતા મંત્રી ઉમેર્યું હતું કે, ફોરેન્સિક સાયન્સ એ સાયબર સ્પેસમાં ખુબ જ ઉપયોગી નિવડી શકે તેમ છે. તેમણે જણાવ્યું કે આધુનિક સમયમાં સાયબર ફોરેન્સિક ક્ષમતા વધારવાની જરૂરિયાત છે. અમે મહિલાઓ અને બાળકો સામેના સાયબર ગુનાઓની નોંધણી માટે સાયબર ક્રાઈમ્સ રિપોર્ટ પોર્ટલ ઉભુ કરવાનો નિર્ણય કર્યો છે. આવા ગુનાઓને અટકાવવા એક સમર્પિત સાયબર ક્રાઈમ લેબ ઉભી કરવામાં આવશે. તેમ મંત્રીએ જણાવ્યું હતું. સિંહે જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકાર ગુના નિયંત્રણ માટે જંગી માલખાકીય સુવિધાઓનો વિકાસ કરવાની તૈયારી કરી રહી છે. તેમણે ઉમેર્યું અમે ક્રાઈમ અને ક્રિમીનલ ટ્રેકીંગ નેટવર્ક એન્ડ સિસ્ટમ્સ ઉભી કરી છે. આ કેન્દ્રીય ડેટા બેઝને અદાલતો અને ફોરેન્સિક લેબોરેટરીઓ સાથે જોડીને આપણે આંતર સંચાલિત ગુનાહિત ન્યાય વ્યવસ્થાની રચના કરીશું. મંત્રીએ જણાવ્યું કે પોલીસ દળને ફોરેન્સિક અંગે જાગૃત કરવાની જરૂર છે. તેમને ફોરન્સીક અંગે યોગ્ય તાલીમ આપવી જોઈએ. તેમણે કહ્યું હતં કે ખાસ કરીને તપાસ અધિકારીઓએ તેમનું ફોરેન્સિક અંગેનું જ્ઞાન સમયાંતરે વધારવુ જોઈએ. જીલ્લા સ્તરે ફોરેન્સિક પે ચર્ચા યોજાવી જોઈએ. આ ઉપરાંત, મંત્રીએ ફોરેન્સિક કાઉન્સિલ સ્થાપવાનો અનુરોધ કર્યો હતો, જેની સમારંભમાં હાજર રહેલા નિષ્ણાંતોએ ભારે પ્રશંસા કરી હતી. સિંહે ફોરેન્સિક સાયન્સ ક્ષેત્રે પોતાનું યોગદાન આપનાર અગ્રણી ફોરેન્સિક નિષ્ણાંતોનુ પણ આ પ્રસંગે બહુમાન કર્યું હતું. ગુજરાત સરકાર ગૃહ રાજયમંત્રી પ્રદિપસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે, રાજનાથ સિંહની મજબૂત રાજકીય ઈચ્છાશક્તિને કારણે દેશની સલામતીને એક નવી દિશા પ્રાપ્ત થઈ છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, આપણે ફોરેન્સિક સાયન્સ સિસ્ટમનો અપડેટ કરવાની જરૂરિયાત છે અને તે માટે ૫૫,૦૦૦ ચો.મી જમીન ફાળવવામાં આવી છે. આ હેતુ માટે ૩૦૦ કરોડની ફાળવણી બદલ તેમણે કેન્દ્ર સરકારનો આભાર માન્યો હતો. આ પ્રસંગે તેમણે દ્વારકા ખાતે મરીન પોલીસ ટ્રેનીંગ ઈન્સ્ટીટ્યુટની સ્થાપના અંગે પણ ઉલ્લેખ કર્યો હતો. રાજનાથ સિંહે જરૂરી માહિતી આપી હતી.

### ગુજરાતના જુદા જુદા જિલ્લામાં ઘરફોડ ચોરી કરાઈ

# ઘરફોડ ચોરી કરતી ગેંગના બે આરોપીઓની ધરપકડ

## ઘરફોડ ચોરીના સાધન સાથે જબ્બે ચડ્ડી બનિયાનધારી ગેંગના સભ્યોની પુછપરછ :નવી વિગત ખુલે તેવી શક્યતા

અમદાવાદ,

ગુજરાત રાજ્યમાં અલગ અલગ જિલ્લાઓમાં રાત્રી દરમ્યાન ઘરફોડ ચોરી કરતી ચડ્ડી બનિયાનધારી ગેંગના બે આરોપીઓને પકડી પાડવામાં અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચે સફળતા મેળવી છે. ઘરફોડ ચોરી કરતી ગેંગના બે સભ્યોની પાસેથી ઘરફોડ ચોરીના સાધનો પણ જપ્ત કરવામાં આવ્યા છે. જડપાયેલા શખ્સોની પુછપરછ હાથ ધરવામાં આવી છે. જેના આધાર ઉપર નવી વિગત ખુલે તેવી પણ સંભાવના છે. અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચના અધિકારીઓએ બાતમી બાદ જાળ બિછાવી હતી. ઝડપાયેલા શખ્સોની ઓળખ કરી લેવામાં આવી છે. જેમા એક ૨૨ વર્ષીય નરેશ સવસીંગભાઈ કટારા છે. જે દાહોદ જિલ્લાના જેસાવાડા ખાતેનો છે. જ્યારે અન્ય ૨૦ વર્ષીય શૈલેષ રતનસિંહ કટારા છે. જે પણ દાહોદ જિલ્લાનો પણ છે. બંને એક જ વિસ્તારના હોવાનું ખુલ્યું છે. ઝડપાયેલા શખ્સો પાસેથી ઘરફોડ ચોરી કરવાના સાધનો લોખંડનું ખાતરીયુ, લોખંડનો સળીયો, નાનુ મોટુ ડિસમિસ, પકડ સાથે મળી આવતા તેમની પુછપરછ હાથ ધરાઈ છે. જુદી જુદી કલમો હેઠળ તેમની સામે કેસ નોધીને તપાસ હાથ ધરાઈ છે. આરોપીઓની પુછપરછ કરવામાં આવતા નવી વિગતો ખુલી હતી. માહિતી મુજબ તેમની સાત સભ્યોની ગેંગ છેલ્લા ઘણા સમયથી સક્રિય છે. આ તમામ આરોપી જેસાવાડા ખાતે આવેલા તળાવની પાળ ઉપર બિરયાની હોટલ આવેલી છે ત્યાં ભેગા થઈને કઈ જગ્યાએ ચોરી કરવા જવું તે અંગે નિર્ણય કરતા હતા. ગેંગ પૈકીના એક બે આરોપી પહેલાથી જ જે શહેરમાં ઘરફોડ કરવાનો પ્લાન હોય તે જગ્યાએ એકાદ દિવસ પહેલાજ પહુંચી જાય છે અને દિવસ દરમ્યાન જે જગ્યાએ ચોરી કરવાની છે ત્યાર ટારગેટ નક્કી કરતા હતા. ત્યારબાદ બાકીના સાથીઓને પણ બોલાવી લેતા હતા. ઘરફોડ ચોરીમાં સામેલ રહેલા શખ્સો ગામના કે સગા જે કોઈ પણ આ ગામ કે શહેરમાં મજુરી કરતા હોય તેમના ઘરે અથવા બસ સ્ટેશન કે પુલ નીચે રોકાઈ જતા હતા. આ તમામ આરોપીઓ દાહોદથી જે તે શહેરમાં એસટી બસ મારફતે પહોંચી જતા હતા. ઘરફોડ કરવા જતી વખતે પોતાના બુટ કે ચંપલ ટારગેટની નજીકમાં કોઈ ઝાડની નીચે ઉતારી દેતા હતા. તેમજ શર્ટ કી ટીર્શટ કાઢીને કમરે બાધી દેતા હતા. તેમજ પેન્ટને ઉપર તરફ વાળી દઈને ચડ્ડી બનાવી રાખતા હતા. ઘણી વાર શરીર ઉપર રાયનું તેલ લગાવી રાખતા હતા. આમ કરવા પાછળનું કારણ કપડા કોઈ તાર, વાડ કે અણીદાર જગ્યાએ ભરાઈ નહી તેમજ કોઈ પકડી શકે નહી. ઘરફોડ કરતી વખતે અથવા તો કરવા જતી વખતે કોઈ મકાન માલીક કે ચોકીદાર જાગી જાય અથવા તો અવાજ કરે તો તેને મારવા માટે સાથે રસ્તામાંથી પથ્થરો લઈ રાખતા હતા. ઘરફોડ ચોરી કરનાર ટોળકીને આ મોડસ ઓપરેંડી હતા. આ લોકોએ અનેક જગ્યાઓએ ચોરી કરવાની વિગત ખુલી છે. આરોપીઓએ કુલ ૫૨ જગ્યાઓએ ચોરી કરી હોવાની વિગત મળી છે. આ લોકોએ બોપલમાં ૨, વડોદરા શહેરમાં ૧૮, દાહોદમાં ૩, મહેસાણામાં ૫, અંજારમાં ૫, આદીપુરમાં ૫, ભુજમાં ૪, હળવદમાં ૩, વિજાપુરમાં ૨, બારડોલીમાં ૩, કરજણમાં ૨ મળી ૫૨ ગુનાઓ કર્યા છે. તેમની પુછપરછના આધારે અન્યોની પણ ધરપકડ કરવા ચક્રો ગતિમાન કરાયા છે.

### ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ વિવાદમાં

# લાખોના ખર્ચે કુલપતિએ અંગત લિફ્ટ બનાવડાવી

## યુનિવર્સિટી ટાવરમાં લિફ્ટ હોવા છતાં અંગત ઉપયોગ માટે લિફ્ટ બનાવી : વિદ્યાર્થી સંગઠનોએ કર્યો વિરોધ

અમદાવાદ,

ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ વિવાદમાં ફસાયા છે. કુલપતિ હિમાંશુ પંડ્યાએ પોતાના માટે સ્પેશિયલ લિફ્ટ નંખાવતા ભારે વિવાદ સર્જાયો છે. યુનિવર્સિટી ટાવરમાં લિફ્ટ હોવા છતાં સ્પેશિયલ પોતાના માટે લાખો રૂપિયાના ખર્ચાવિ તેમણે નવી લિફ્ટ નંખાવી છે. કુલપતિએ પોતાની અંગત સેફ્ટીનું કારણ રજુ કરી યુનિવર્સિટીના હેરીટેજ બિલ્ડિંગમાં તોડફોડ કરીને સ્પેશિયલ લિફ્ટ નંખાવી છે. અત્યાર સુધીના તમામ કુલપતિઓ ટાવરમાં આવેલ કોમન લિફ્ટનો જ ઉપયોગ કરતા હતા અને આમ પણ યુનિવર્સિટી ટાવર માત્ર એક જ માળનું છે, જેમાં લિફ્ટ ન હોય તો પણ કુલપતિ પ્રથમ માળે આવેલ પોતાના કાર્યાલય સુધી સરળતાથી જઈ શકે તેમ છે. જોકે તેમ છતા કુલપતિએ વિદ્યાર્થીઓની ફીના લાખો રૂપિયાનુ પાણી કરીને પોતાના અંગત મોજશોખ માટે આ લિફ્ટ નંખાવી હોવાનો આક્ષેપ વિદ્યાર્થી સંગઠન દ્વારા કરવામાં આવ્યો છે. આ લિફ્ટ એ રીતે નંખાવામાં આવી છે કે, કુલપતિ પાછલા દરવાજેથી બારોબાર નીકળી શકે. વિદ્યાર્થી સંગઠનોનો આક્ષેપ છે કે કુલપતિએ વિદ્યાર્થીઓના પ્રશ્નનો જવાબ ન આપવો પડે અને પાછલા દરવાજેથી ભાગી શકાય તે માટે આ લિફ્ટ નંખાવી છે. એટલુ જ નહીં એવો પણ નિયમ બનાવાયો છે કે આ લિફ્ટનો ઉપયોગ માત્ર કુલપતિ જ કરી શકે. તેમજ કુલપતિની ઓફિસમાંથી લિફ્ટ સુધી જવા માટે ખાસ ગેલેરી તૈયાર કરાવવામાં આવી છે. આ ગેલેરીમાં જવા માટે કુલપતિ ચેમ્બરમાં નવો દરવાજો નંખાવાયો છે. આમ ટાવરના મુખ્ય દરવાજે વિદ્યાર્થીઓને ઉભા રાખી કુલપતિ પાછલા બારણેથી પોતાની ઓફિસમાં જઈ શકે તેવી વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. મહત્વનું છે કે આ પહેલા યુનિવર્સિટીના પૂર્વ કુલપતિ આદેશ પાલે પણ પોતાના મોજશોખ માટે કુલપતિના બંગલે સ્પેશિયલ સ્વિમીંગ પુલ બંધાવ્યો હતો, જેને લઈને ભારે વિવાદ સર્જાયો હતો. અંતે આદેશ પાલે અધવચ્ચેથી જ પોતાનો કાર્યકાળ પણ છોડવો પડ્યો હતો.

# દેશમાં હેલ્થ ઈન્ડેક્સમાં ગુજરાત ચોથા ક્રમાંકે રહ્યુ

અમદાવાદ,

કેન્દ્રીય નીતિ આયોગ દ્વારા જાહેર કરવામાં આવેલ હેલ્થ ઈન્ડેક્સ રીપોર્ટમાં ગુજરાત ચોથા ક્રમાંકે રહ્યુ છે. આ ઈન્ડેક્સમાં જણાવ્યા મુજબ, ગુજરાતમાં સ્વાસ્થ્યની સ્થિતિમાં સુધારો જોવા મળ્યો છે. જોકે, હજી સ્વાસ્થ્ય ક્ષેત્રે ઘણુ કામ કરવાનુ બાકી છે. આ યાદીમાં કેરળ પ્રથમ ક્રમાંકે રહ્યુ છે, જ્યારે ઉત્તરપ્રદેશને સૌથી છેલ્લો ક્રમાંક આપવામાં આવ્યો છે. જોકે, ઉત્તરપ્રદેશ માટે રાહતના સમાચાર એ છે કે તેના હેલ્થ પ્રદર્શનમાં ઘણો સુધારો થયો છે. આ ઈન્ડેક્સમાં કેરળ બાદ પંજાબને બીજો ક્રમ આપવામાં આવ્યો છે, જ્યારે તમિલનાડુ ત્રીજા ક્રમાંકે છે. બીજીબાજુ રાજસ્થાન, બિહાર, ઓરીસ્સા જેવા રાજ્યોનું હેલ્થ પ્રદર્શન ખૂબ જ ખરાબ હોવાનુ નોંધવામાં આવ્યુ છે. આ ઈન્ડેક્સ મુજબ વાર્ષિક હેલ્થ સુવિધાઓના વિકાસ સંબંધે ઝારખંડ, જમ્મુ કાશ્મીર અને ઉત્તરપ્રદેશ પ્રથમ ત્રણ રાજ્યોમાં છે. જ્યારે નાના રાજ્યોમાં મિઝોરમ પ્રથમ ક્રમ છે, ત્યારબાદ મણિપુર અને ગોવાનો નંબર આવે છે. રીપોર્ટ જાહેર કરતા નીતિ આયોગના સીઈઓ અમિતાભ કાંતે જણાવ્યુ હતું કે, આયોગનું માનવુ છે કે હેલ્થ ઈન્ડેક્સ સહકારી અને પ્રતિસ્પર્ધી સંઘવાદના લાભ માટે એક ટૂલ તરીકે કામ કરશે.

# ભરતસિંહને રાજ્યસભામાં મોકલી પ્રમુખ બદલશે કોંગ્રેસ

અમદાવાદ,

રાજ્યસભાની ખાલી પડનાર ચાર બેઠકો માટે માર્ચના અંતમાં ચુંટણી યોજાનાર છે ત્યારે કોંગ્રેસમાંથી બે બેઠકો માટે પ્રદેશ પ્રમુખ ભરતસિંહ સોલંકી અને એઆઈસીસીના મહામંત્રી દીપક બાબરીયાના નામની ચર્ચા ચાલી રહી છે.

ગુજરાત વિધાનસભાની તાજેતરમાં યોજાયેલ ચુંટણીમાં કોંગ્રેસની બેઠકો વધતા રાજ્યસભા માટે પણ કોંગ્રેસની એક બેઠક વધી છે. જ્યારે બે બેઠક જીતવાની શક્યતા ઉજળી બની છે. ગત વિધાનસભામાં કોંગ્રેસની ૫૭ બેઠકો હતી, જ્યારે તાજેતરમાં યોજાયેલી ચુંટણીમાં કોંગ્રેસની બેઠક વધીને ૭૭ થતા બે બેઠક જીતવાની શક્યતા વધી છે, તે જોતા કોંગ્રેસ બે ઉમેદવારો ઉભા રાખે તેવી શક્યતા છે. ગુજરાતમાંથી કુલ ચાર બેઠકો માટે ચુંટણી યોજાવાની છે. તે પૈકી બે બેઠકો માટે કોંગ્રેસ તરફથી પ્રદેશ પ્રમુખ ભરતસિંહ સોલંકી અને દીપકદ બાબરીયાના નામો ચર્ચામાં છે. પ્રદેશ પ્રમુખ ભરતસિંહ સોલંકી સામે ચુંટણી અગાઉ અને ચુંટણી બાદ પણ ધારાસભ્યો આગેવાનો અને કાર્યકરોમાં રોષ જોવા મળી રહ્યા છે. આજથી જો ભરતસિંહ પાસેથી પ્રમુખ પદ પરત ખેંચી લેવાનુ તો તેમનુ અપમાન ગણાય. એકબાજુ એવુ પણ કહેવામાં આવી રહ્યુ છે કે, કોંગ્રેસ આ વખતે પ્રમુખ બદલશે કે કેમ તેની પણ જોરશોરથી ચર્ચા ચાલી રહી છે.



અમદાવાદના સાબરમતી રિવર ફ્રન્ટમાંથી પસાર થતી એક લાંબી કેબલ પાઈપલાઈનમાં રાત્રીએ એક સર્પ ફસાઈ જતા જીવદયા કાર્યકર અમિત ડાભી તેમની ટિમ સાથે અહીં દોડી આવ્યા હતા. રાત્રીના અંધકારની અડચણ વચ્ચે પાઈપનો અમુક ભાગ તૂટી ગયેલો હોઈ સર્પને તેમાંથી હેમખેમ બહાર કાઢી એક કાચની બરણીમાં ઉતારી દેવાયો હતો. અને લગભગ બે કલાક સુધી ચાલેલા આજીવદયા યજ્ઞના અંતે ૪ ફુટ જેટલા લાંબા સર્પને બચાવી લેવાયો હતો.

### ગુજરાત યુનિવર્સિટીમાં સ્ટાફની તીવ્ર અછત

# યુનિ.ભવનમાં અધ્યાપકોની ૯૦ જગ્યાઓ ખાલી પડેલ છે

## વર્ગ-૧ની ૧૦૯, વર્ગ-૩ની ૧૦૦ અને વર્ગ-૪ની ૧૮૦ બેઠકો છેલ્લા કેટલાક સમયથી ભરવામાં આવી નથી

ગાંધીનગર,

રાજયની સૌથી મોટામાં મોટી સૌથી જૂની ગુજરાત યુનિવર્સિટી અને રાજયની અન્ય યુનિવર્સિટીઓમાં મોટા પાયે અધ્યાપકો વર્ગ - ૩ ને ૪ના કર્મચારીઓની મોટાપાયે ખાલી જગ્યાઓને લીધે ઉચ્ચ શિક્ષણને અને ખાસ કરીને પ્રવેશ પરિક્ષા, પરિણામ અને પદવીદાન પર ગંભીર અસર પડી રહી હોવાનો વિગતો સાથે આક્ષેપ કરતાં એન.એસ.યુ.આઇ. દ્વાર કરવામાં આવ્યો છે. એનએસયુઆઈના જણાવ્યા મુજબ ગુજરાત યુનિવર્સિટીમાં સંલગ્ન ભવનોમાં વિવિધ વિષયોના કુલ અધ્યાપકોમાંથી માત્ર ૧૨૦ની જગ્યા ભરાયેલ છે અને ૯૦ જગ્યાઓ લાંબા સમયથી ખાલી છે. યુનિવર્સિટીમાં વર્ગ -૧ની ૨૩૩ જગ્યામાંથી ૧૦૯ જગ્યાઓ લાંબા સમયથી ખાલી જગ્યાઓ છે. જ્યારે વર્ગ -૨ની ૫૦ ટકાથી વધુ જગ્યાઓ ખાલી છે. વર્ગ - ૩ની ૨૪૨ જગ્યાઓમાંથી ૧૦૦ જગ્યાઓ લાંબા સમયથી ખાલી છે. વર્ગ -૪ની ૨૨૮ જગ્યાઓમાંથી ૧૮૦ લાંબા સમયથી ખાલી છે. યુનિવર્સિટીના સત્તાધીશો વિદ્યાર્થીઓ પાસેથી કરોડો રૂપિયા ફી પેટે ઉધરાવે છે અને બીજી મહત્વના કામ જેમ કે અભ્યાસ અને તેને સંલગ્ન જરૂરી કામ માટે અસહ્ય વિલંબ થાય છે. ડુપ્લીકેટ માર્કશીટ, એલીઝીબીટી, માઈગ્રેશન સર્ટીફિકેટ, પદવીદાન, કામ ચાલાઉ પ્રમાણ પત્ર જેવી અનેક બાબતોમાં કોલેજ અને યુનિવર્સિટી વચ્ચે વિદ્યાર્થીઓ ફુટબોલની જેમ ફંગોળાઈ રહ્યા છે અનેક કિસ્સાઓમાં કર્મચારીઓ અને વિદ્યાર્થીઓ વચ્ચે કામના ભારણને લીધે સંઘર્ષ થાય છે. ગુજરાત યુનિવર્સિટીમાં છેલ્લા પાંચ વર્ષથી અધ્યાપકો, વર્ગ -૩ અને ૪ ના કર્મચારીઓ સહિતની મહત્વની જગ્યાઓ તાકીદે ભરાય તે માટે સેનેટ અને સિન્ડીકેટ તરફથી ઠરાવ કરવામાં આવે છે પણ તેનો અમલ રાજ્ય સરકાર ગંભીરતાથી લેતી નથી અથવા તો જાણી જોઈને વિદ્યાર્થીઓના હિતમાં ભાજપ સરકાર કરતી નથી. પરિણામે ગુજરાત ઉચ્ચ શિક્ષણ જવાને બદલે પાછળ ધકેલાઈ ગયું છે.

### અરવલ્લી જિલ્લામાથી અમલ શરૂ કરવામાં આવ્યો

# મધ્યાહન ભોજનમાં બાળકોને ઈંડાનો ખોરાક આપવા આદેશ

## બાળકોમાં પ્રોટીનની ઉણપ દુર કરવા માટે લેવાયો નિર્ણય

અમદાવાદ,

ગુજરાતનાં બાળકોમાં કુપોષણની સમસ્યાને લઈને રાજય સરકારે અનેક વખત ડબલ્યુએચઓ સહીતનાં સંગઠનોની ફટકકારનો સામનો કરવો પડ્યો છે. તેમાંય ખાસ કરીને ગુજરાતનાં બાળકોમાં પ્રોટીનની મોટા પાયે ઉણપ જોવા મળતી હોય છે. ત્યારે આ સમસ્યાનો ઉકેલ લાવવા માટે રાજય સરકાર દ્વારા પ્રાથમિક શાળાનાં બાળકોને મધ્યાહન ભોજવમાં ઈંડાનો ખોરાક આપવાનો નિર્ણય કર્યો છે. જેનાં અમલની શરૂઆત અરવલ્લી જિલ્લાથી કરવામાં આવી છે. તેમજ જો આ પ્રયોગ સફળ રહેશે તો આગમી દિવસોમાં તેને રાજયનાં અલગ અલગ જિલ્લામાં તબક્કાવરા તેનો અમલ કરવામાં આવશે. રાજયનાં મધ્યાહન યોજનાનાં કમિશન દ્વારા ગત પાંચ ફેબ્રુઆરીનાં રોજ અરવલ્લી જિલ્લા શિક્ષણ અધિકારનો પાઠવેલ પરિપત્રાણાં સરકારનાં આ નિર્ણય અંગે જાણ કરવામાં આવી છે. જેમાં દાવો કરવામાં આવ્યો છે કે સુપ્રિમ કોર્ટમાં દાખલ કરવામાં આવેલ રિવ્યુ પિટીશન અંતર્ગત બાળકોમાં પોટીનની ઉણપ દુર કરવા માટે આદેશ આપવામાં આવ્યા છે. જે અંતર્ગત મધ્યાહન ભોજન યોજનામાં બાળકોને ઈંડા આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. તેમજ આ મામલે શાળા સમિતીઓનાં સુચનો માંગવામાં આવ્યા છે. જેનાં પગેલ અરવલ્લી જિલ્લા શિક્ષણાધીકારી દ્વારા આ પરિપત્રાને શાળાઓની સમિતીમાં મોકલી આપવામાં આવ્યો છે. તેમજ શાળા સમિતીઓ પાસે આ યોજનાં અંગે સુચનો માંગવામાં આવ્યા છે. જો કે સરકારનાં આ નિર્ણયોનો મોટા પાયે વિરોધ થાય તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. કારણ કે રાજયની પ્રાથમિક શાળામાં એવા સમુદાયોનાં વિદ્યાર્થીઓ પણ અભ્યાસ કરે છે કે જે સમુદાયો માંસાહારનાં ચુસ્ત વિરોધી છે. ત્યારે આવા સમુદાય દ્વારા સરકારનાં આ નિર્ણયનો સ્વિકાર કરવામાં આવે તેવી કોઈ શક્યતા જણાતી નથી. જેથી આ યોજનાને લઈને વિરોધ સર્જાશે તે નક્કી જણાઈ રહ્યુ છે.

### વડાપ્રધાન મોદી ૨૫મીએ સુરતની મુલાકાતે આવશે

સુરત,

વડાપ્રધાન નરેન્દ્ર મોદી વધુ એક વખત ગુજરાતની મુલાકાતે આવી રહ્યા છે. ૨૫ ફેબ્રુઆરીએ વડાપ્રધાન મોદી સુરત આવશે, જ્યાં તેઓ સુરત ખાતે યોજાનારી મેરેથોન દોડનો પ્રારંભ કરાવશે. મળતી માહિતી મુજબ, મેરેથોન દોડના આયોજકો દ્વારા વડાપ્રધાન નરેન્દ્ર મોદીને હાજરી આપવા આમંત્રણ આપવામાં આવ્યુ હતું, જેનો વડાપ્રધાન કાર્યાલય દ્વારા સ્વીકાર કરવામાં આવ્યો છે. વડાપ્રધાન કાર્યાલય દ્વારા આ કાર્યક્રમને અંતિમ ઓપ અપાઈ રહ્યો છે. જોકે સુત્રો તરફથી મળતી માહિતી મુજબ ૨૫ ફેબ્રુઆરીએ સાંજે ૬:૪૫ કલાકે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સુરત પહોંચશે. તેમજ રન ફોર ન્યુ ઈન્ડિયા નાઈટ મેરેથોનનો પ્રસ્થાન કરાવશે. સુરત ખાતે યોજાનારી આ મેરેથોન દોડમાં અંદાજે ૨૫ હજારથી વધુ લોકો ભાગ લે તેવી શક્યતા છે. આયોજકો દ્વારા વડાપ્રધાનની હાજરીને લઈને સુરક્ષા વ્યવસ્થા સઘન કરવા તૈયારી શરુ કરી દેવામાં આવી છે.

### ૧૬ વર્ષના પદ્મશ્રી વિજેતાની લિસ્ટને લઈ કરાયો સર્વે

# ચુંટણી સમયે પદ્મશ્રી એવોર્ડ વધુ આપવામાં આવે છે : સર્વે

## ૬૩ ટકા ચુંટણી વર્ષ વાળા આઠ રાજ્યોમાં પદ્મશ્રી વિજેતાઓની કુલ સંખ્યામાં ૩૦ ટકા વધારો જોવા મળ્યો

નવી દિલ્હી,

ચુંટણી દરમિયાન આપવામાં આવેલ પદ્મશ્રી એવોર્ડ બાકીના ચાર વર્ષોમાં આપવામાં આવેલ પદ્મશ્રી એવોર્ડ કરતા ૩૦ ટકા વધુ હોય છે. આ ખુલાસો છેલ્લા ૧૬ વર્ષના પદ્મશ્રી વિજેતાઓની લિસ્ટને લઈને કરવામાં આવેલ એક સર્વેમાં કરવામાં આવ્યો છે. આ સર્વેમાં જાણવા મળ્યું કે, છેલ્લા ૧૬ વર્ષમાં કુલ પદ્મશ્રી વિજેતાઓના એક તૃતીયાંશ વિજેતા દિલ્હી અને મહારાષ્ટ્રના છે. જ્યારે આ દરમિયાન બિહારથી માત્ર ૨૦ લોકોને પદ્મશ્રી મળ્યો, જે કુલ એવોર્ડના બે ટકા કરતા પણ ઓછા છે. ૬૩ ટકા ચુંટણી વર્ષ વાળા સાત રાજ્યોમાં પદ્મશ્રી વિજેતાઓની કુલ સંખ્યામાં ૩૦ ટકા વધારો જોવા મળ્યો. આ સર્વે કરનાર ટીમના સભ્ય રાકેશ દુબ્બુદુનું માનવું છે કે, આ એવોર્ડનો ચુંટણીમાં કોઈ પાર્ટીના પ્રદર્શન પર ખૂબ જ ઓછી અસર પડે છે. તેમણે જણાવ્યું હતું કે, ચુંટણીમાં કોઈ પાર્ટીના પ્રદર્શન અને કોઈ ખાસ રાજ્યના એવોર્ડી લોકો વચ્ચે કોઈ સીધી લિંક નથી દેખાતી. જોકે, આનાથી મોટા રાજનીતિક રમતનો ખ્યાલ જરૂર આવે છે. કારણકે, આ એવોર્ડમાં કેન્દ્રનો બહુ મોટો રોલ હોય છે. ચુંટણી વર્ષ ૨૦૦૪માં જ્યારે એનડીએ સત્તામાં હતી, ત્યારે ૭૪ લોકોને પદ્મશ્રી એવોર્ડથી સમ્માનિત કરવામાં આવ્યા હતા. જ્યારે આ પહેલાના ચાર વર્ષોમાં આ આંકડો સરેરાશ ૫૭ની આસપાસ હતો. ૨૦૦૯માં જ્યારે યુપીએ સરકાર સત્તામાં આવી ત્યારે ૯૩ લોકોને પદ્મશ્રી એવોર્ડથી સમ્માનિત કરવામાં આવ્યા હતા, જ્યારે તે પછીના ચાર વર્ષોની સરેરાશ સંખ્યા ૬૬ હતી.જ્યારે ૨૦૧૪ની ચુંટણી પહેલા પણ યુપીએ સરકાર દ્વારા ૧૦૧ લોકોને પદ્મશ્રી એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા. જો સરેરાશ સંખ્યા જોવામાં આવે તો ૨૦૦૪, ૨૦૦૯ અને ૨૦૧૪માં આપવામાં આવેલ પદ્મશ્રી એવોર્ડ, ચુંટણી વગરના વર્ષોમાં આપવામાં આવેલ પદ્મશ્રી એવોર્ડ કરતા ૩૦ ટકા વધારે હતા.

### પીએમ રીસર્ચ ફેલોશિપને કેબિનેટની મંજુરી

# વિદ્યાર્થીઓને અપાશે ૮૦ હજાર સુધીની માસિક શિષ્યવૃત્તિ

## દેશમાંથી પ્રતિભા પલાયનને રોકવા માટે કરાયો નિર્ણય સરકારે ત્રણ વર્ષ માટે ૧૬૫૦ કરોડનુ બજેટ ફાળવ્યુ

નવી દિલ્હી,

તાજેતરમાં સામે આવેલ એક રીપોર્ટમાં દાવો કરાયો હતો કે, ભારતમાંથી પ્રતિભા વિદેશમાં ખેંચાઈ જાય છે. ત્યારે પ્રતિભાને વિદેશમાં જતી અટકાવવા માટે કેન્દ્રીય કેબિનેટે ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાના વિદ્યાર્થીઓ માટે પીએમ રીસર્ચ ફેલોશિપને મંજુરી આપી દીધી છે. આઈઆઈટી, આઈઆઈએસઈઆર અને એનઆઈટી જેવી ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાના વિદ્યાર્થીઓને દેશમાં આપવામાં આવનારી અત્યાર સુધીની આ સૌથી મોટી સ્કોલરશીપ હશે. પીએમ રીસર્ચ ફેલોશિપ (પીએમઆરએફ) અંતર્ગત પસંદ કરાયેલ વિદ્યાર્થીઓને ૭૦ હજારથી ૮૦ હજાર રૂપિયા પ્રતિ માસ શિષ્યવૃત્તિ અને ૨ લાખ રૂપિયા સુધી વાર્ષિક રીસર્ચ ગ્રાન્ટ આપવામાં આવશે. કેન્દ્ર સરકારે આ યોજના અંતર્ગત ત્રણ વર્ષ માટે ૧૬૫૦ કરોડ રૂપિયાની ગ્રાન્ટ ફાળવવાના પ્રસ્તાવને મંજુરી આપી દીધી છે. સંશોધનની ઈચ્છા ધરાવતા એન્જિનિયરીગ ગ્રેજ્યુટને વધુ એક લાભ અપાશે. પીએમઆરએફ માટે પસંદ થયેલ આઈઆઈટી, આઈઆઈએસઆઈઆર, એનઆઈટીના ગ્રેજ્યુએટ આઈઆઈટી બેંગ્લુરુમાં સીધી રીતે પીએચડી પણ કરી શકશે. આ યોજના અંતર્ગત વાર્ષિક ૧ હજાર ઉમેદવારોને શિષ્યવૃત્તિ ઉપરાંત સરકાર આઈઆઈટી અને આઈઆઈએસસીમાં રીસર્ચ સંબંધિત સુવિધા અપગ્રેડ કરવા પર વિચારી રહી છે. કેન્દ્રીય માનવ સંશાધન વિકાસ મંત્રી પ્રકાશ જાવડેકરે જણાવ્યુ હતું કે, આ સ્કીમથી બી-ટેક ગ્રેજ્યુએટ અથવા ઈન્ટિગ્રેટેડ એમટેક અથવા સાયન્સ એન્ડ ટેકનોલોજી સ્ટ્રિમ્સમાં એમએસસી પાસઆઉટને આઈઆઈટી-આઈઆઈએસસીમાં પીએચડી પ્રોગ્રામમાં સીધો પ્રવેશ મળી શકશે.

### શહેરમાં પાણીની સમસ્યા નિવારવા વિચારણા

# પાણી તંગી : એક એપ્રિલથી તમામ સ્વિમીંગપુલ બંધ થશે

## મ્યુનિસિપલ સંચાલિત સ્વિમીંગપુલના ૫૮ હજારથી વધુ સભ્યો ઉનાળામાં નહીં માણી શકે સ્વિમીંગની મજા

અમદાવાદ,

એકબાજુ શહેરમાં નર્મદા નદીના પાણી સુકાતા ઉનાળામાં લોકોને સવાર-સાંજ પાણીનો પુરવઠો હાલના રાબેતા મુજબના ધોરણથી આપી શકાશે કે કેમ તે અંગે મોટો પ્રશ્નાર્થ સર્જાયો છે. તો બીજીબાજુ પાણીનો વેડફાટ રોકવા મ્યુનિસિપલ સ્વીમિંગપુલને બંધ રાખવાની દિશામાં ગંભીરતાથી વિચારણા હાથ ધરરવામાં આવી છે. જો ઉનાળાના પ્રારંભથી એટલે કે ૧ એપ્રિલથી સ્વિમીંગપુલને બંધ કરી દેવામાં આવશે તો સ્વિમીંગપુલમાં ધુબાકા મારીને કાળઝાળ ગરમીથી રાહત મેળવવા માંગતા તરવૈયાઓના મનની મનમાં રહી જશે. સ્વિમીંગના શોખીન અમદાવાદીઓને ઉનાળામાં સર્જાનારી પાણીની કટોકટીની સાઈડ ઈફેક્ટથી મ્યુનિસિપલ સ્વિમીંગપુલના દરવાજે આગામી દિવસોમાં લોખંડી તાળા લટકતા જોવા મળી શકે છે. તંત્ર દ્વારા પાણીનો વેડફાટ રોકવા ક્લબ, હોટલ ઉપરાંત મ્યુનિસિપલ સંચાલિત સ્વિમીંગપુલના પાણીને બંધ કરવાની જાહેરાત કરવામાં આવી છે. શહેરની નામાંકિત ક્લબ અને હોટલના સ્વિમીંગપુલના પાણીને બંધ કરવાથી ધનાઢ્ય પરિવારના લોકો, સહેલાણીઓ વગેરે પ્રભાવિત થશે. પરંતુ મ્યુનિસિપલ સંચાલિત સ્વિમીંગ પુલનું પાણી બંધ કરી દેવામાં આવતા ગરીબથી લઈને તવંગર સુધીના શહેરીજનો પ્રભાવિત થશે. એક અંદાજ મુજબ હાલમાં મ્યુનિસિપલ સંચાલિત સ્વિમીંગપુલના ૫૮ હજાર કરતા વધારે સભ્ય છે, જેમાં ૧૨થી ૧૫ હજાર શિખાઉ સભ્ય અને ૨,૫૦૦થી ૩૦૦૦ મહિલા સભ્ય છે. સ્વિમીંગપુલમાં ખાસ કરીને ડિસેમ્બર અને જાન્યુઆરી મહિનામાં ઠંડીના કારણે સભ્યોનો ઘસારો ઓછો હોય છે, તેમાં પણ શિખાઉ સભ્ય નહીંવત હોય છે. પરંતુ એપ્રિલ , મે અને જુન એટલે કે ઉનાળા વેકેશનના દિવસોમાં સ્વિમીગપુલ તરવૈયાઓથી હાઉસફુલ હોય છે.

### આ ઉનાળામાં આઈસ્ક્રીમના ભાવમાં ૫ ટકાનો થશે વધારો

અમદાવાદ,

વાડીલાલ અને ક્રીમબેલ જેવી મોટી કંપનીઓએ ચાલુ વર્ષ ઉનાળામાં પોતાના પ્રોડક્ટની કિમતોમાં પાંચ ટકા સુધીનો વધારો કરવાનુ મન બનાવ્યુ છે. કંપનીઓનુ કહેવુ છે કે ડ્રાય ફ્રુટ્સ અને ફ્યુલ સહિતની ચીજ વસ્તુઓના ભાવ સતત વધી રહ્યા છે. જેના કારણે કંપનીઓ પર માર પડી રહ્યો છે. તેને દુર કરવા માટે ભાવ વધારો કરવો જરૂરી બન્યો છે. જોકે ભાવ વધારા છતાં આઈસ્ક્રીમનો ૮ હજાર કરોડનો બિઝનેશ ૧૫ થી ૧૮ ટકાની ગતીએ વૃદ્ધી કરે તેવી શક્યતા છે. જો કે અમૂલે અત્યારે ભાવ વધારા અંગે કોઈ નિર્ણય ન લેવામાં આવ્યો હોવાનુ જણાવ્યુ છે. જો કે અમુલે પણ ભાવ વધારાની શક્યતાઓ વ્યક્ત કરી છે. બીજી બાજુ મધર ડેરીનુ કહેવુ છે કે પરિસ્થીતીની સમીક્ષા કરવામાં આવી રહી છે. સંજોગોને આધારે ભાવ વધારા અંગે નિર્ણય લેવામાં આવશે. જ્યારે ક્વોલીટી વોલ્સે આ મામેલે કંઈપણ કહેવાનો ઈન્કાર કરી દીધો છે. ક્રીમબેલના સીઈઓ નિતિન અરોરાએ જણાવ્યુ હતુ કે છેલ્લા છ મહીનામાં ડીઝલના ભાવમાં ૨૩ ટકા, વેતન દરમાં ૧૦ ટકા અને પૈકેજિંગ મટ્રીયલના ભવમાં ૮ થી ૧૦ ટકા સુધીનો વધારો થયો છે.

જન ફરિયાદ

તંત્રી : પ્રદિપ રાવલ
મેનેજિંગ તંત્રી : મિનાક્ષી રાવલ

ગાંધીનગર મુખ્ય કાર્યાલય
બ્લોક - ૬૭૭/૨, 'ઘ' ટાઈપ,
સેકટર-૮, ગાંધીનગર
ફોન : +91-79-23238022
ફેક્સ : +91-79-23238022
મો. : +91- 9537656922
મો. : +91- 98246 53073

ગાંધીનગર શહેર, જિલ્લા તેમજ અમદાવાદ શહેર અને જિલ્લાના સમાચારો જાહેરખબર તેમજ કોપી મેળવવા ગાંધીનગર તથા અમદાવાદ કાર્યાલયની મુલાકાત લેવી.

એડીટોરીયલ ચીફ :
બકુલ એ. રાવલ
અમદાવાદ મુખ્ય કાર્યાલય
૨૧, અનંત એપાર્ટમેન્ટ, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર પાસે, માનવમંદિર, મેમનગર, અમદાવાદ-૩૮૦૦૫૨.
(મો) ૯૮૨૪૦ ૯૬૨૫૦

સહતંત્રી : નિલેશભાઈ રાવલ
૨૫૬૭, ગોઝારીયા પોળ,
હલીમની ખડકી પાસે, શાહપુર,
અમદાવાદ-૩૮૦૦૦૧
(મો) ૯૩૨૭૦ ૮૫૫૨૪

તંત્રી, માલિક, મુદ્રક અને પ્રકાશક પ્રદિપભાઈ રાવલે સર્વોદય ઓફસેટ, ૧૩ ગજાનન એસ્ટેટ, ઈદગાહ ચોકી પાસે, અમદાવાદ ખાતે છપાવીને ૨૫૬૭, ગોઝારીયા પોળ, હલીમની ખડકી પાસે, શાહપુર, અમદાવાદ-૩૮૦૦૦૧ ખાતેથી પ્રસિદ્ધ કર્યું.

'જન ફરિયાદ'માં પ્રસિદ્ધ થતાં તમામ સમાચારો, ફરિયાદો, કોઈપણ જાતના પૂર્વગ્રહ કે દ્વેષબુદ્ધિ વગર માત્ર જ છાપવામાં આવે છે. તેમ છતાં પ્રગટ થયેલ લખાણમાં હકીકત દોષ કે ખરેખર અન્યાય થયો હોય તો લાગતા વળગતાઓએ પુરાવા સાથે ધ્યાન દોરવું જેથી યોગ્ય કરવામાં આવશે. પ્રતિનિધિઓને કે કોઈપણ વ્યક્તિએ પુરાવા સાથે ફરિયાદો કે સમાચાર મોકલવાના રહેશે. તે વગર છપાશે નહિ. પ્રસિદ્ધ થયેલ સમાચાર ફરિયાદો વગેરે માટે લખનાર જવાબદાર ગણાશે અને જનફરિયાદ કોઈપણ રીતે જવાબદાર નથી. કોઈપણ જાતના વાદવિવાદ, તકરાર કે કાયદાકીય ગૂંચ માટેનું કાર્યક્ષેત્ર અમદાવાદની કોર્ટ રહેશે. - તંત્રી